તસવીર-એ-બયાં
શશીકાન્ત વાઘેલા

# એક ઐતિહાસિક નગર : દેવગઢ બારિયા



ચો તરફ પહાડીઓ વચ્ચે મનમોહક કુદરતી દૃશ્યના પોસ્ટકાર્ડ પિક્ચરસમું નગર. અહીંના લોકો સરળ-શાંત પ્રકૃતિના અને મળતાવડા છે. ઢોલ-પાવાના સૂરતાલ અને દેશી મહુડાના સંગે હોળી-દશેરાના તહેવારો અહીં રંગેચંગે ઊજવાય છે. દેવગઢ બારિયામાં તમને દરેક દિશામાં હરિયાળી અને પુરાતન ઈમારતો જોવા મળી જશે. પ્રવાસીઓ માટે આ એક વર્જિન ડેસ્ટિનેશન બની રહ્યું છે, કારણ કે હજુ આ વિસ્તાર ભૌતિક સુખ-સુવિધાઓથી અંજાયો ન હોવાથી પ્રવાસીઓનાં ધાડાં અને તેનાથી ફેલાતા શોરબકોર અને પ્રદૂષણથી મુક્ત રહી શક્યો છે. કુદરત અને ઈતિહાસમાં રસ ધરાવતા અને થોડીક અગવડો વેઠવાની તૈયારી રાખતા સહેલાણીઓને આ નગર નિરાશ નહીં કરે, કેમ કે ચારેકોર પ્રસરેલી શાંતિ અને લીલોતરી જોઈને તમે જ બોલી ઊઠશો 'સીઈંગ ઈઝ બિલીવિંગ'.

# અધધ કિંમતમાં ખરીદાયેલાં સૌથી મોંઘાં પુસ્તકો

માનો યા ના માનો
પ્રશાંત પટેલ

## જર્મન સરકારે 'ધ ગોસ્પેલ ઓફ હેનરી ધ લાયન' પુસ્તક 1983માં 11.7 મિલિયન ડોલરમાં ખરીદ્યું હતું




મહેલો, બંગલાઓ, ગાડીઓ, પેઈન્ટિંગ્સ એમ ઘણી વસ્તુઓ છે, જે કરોડો રૂપિયામાં વેચાઈ છે, પરંતુ ક્યારેય પુસ્તકો કરોડોમાં વેચાયાં હોય તેવું જાણ્યું છે? દુનિયાભરમાં કેટલાંક પુસ્તકો એવાં છે જેની કિંમત જાણીને ક્યારેય વિશ્વાસ નહીં કરી શકો કે ખરેખર પુસ્તકોની આટલી કિંમત પણ કોઈ આપી શકે!

પુસ્તકો તો બધા જ લોકો વાંચે છે, પરંતુ તેનું મહત્ત્વ એ વ્યક્તિ જ જાણી કે સમજી શકે છે, જેણે હજારો પુસ્તકો વાંચ્યાં હોય. બહુ ઓછા લોકો એવા હોય છે જેઓ પુસ્તક રિલીઝ થતાં પહેલેથી જ પુસ્તક ખરીદવા માટે વ્યાકુળ રહે છે. એવાં હજારો પુસ્તકો દુનિયાભરમાં મળી આવશે જે લાખો રૂપિયામાં વેચાયાં હોય, પરંતુ તેમાંથી કેટલાંક મહત્ત્વનાં પુસ્તકો, તેમના લેખક, તેમના ખરીદદારો અને તેની કિંમત વિશે થોડું જાણીએ.

• **ધ કોડેક્સ લિસેસ્ટર:** 'ધ કોડેક્સ લિસેસ્ટર' પુસ્તક પ્રસિદ્ધ વૈજ્ઞાનિક લિયોનાર્દો દ વિન્ચી દ્વારા લખવામાં આવ્યું છે. લિયોનાર્દો દ વિન્ચીની પાંડુલિપિમાં આ હસ્તલિખિત પુસ્તકનાં 72 પેજ છે. થોમસ કુકે ધ કોડેક્સ લિસેસ્ટર ઈ.સ. 1717માં ખરીદ્યું હતું. પછી લિસેસ્ટર સ્ટેટે તેને ઈ.સ. 1980માં અર્માન્ડ હેમર પાસેથી ખરીદ્યું હતું અને તેમની પાસે આ પુસ્તક આશરે 14 વર્ષ સુધી રહ્યું હતું, પરંતુ વર્તમાનમાં આ પુસ્તક દુનિયાના સૌથી અમીર વ્યક્તિમાંના એક બિલ ગેટ્સ પાસે છે. બિલ ગેટ્સે આ પુસ્તક 200.2 કરોડ રૂપિયામાં ખરીદીને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

• **ધ ગોસ્પેલ ઓફ હેનરી ધ લાયન:** 'ધ ગોસ્પેલ ઓફ હેનરી ધ લાયન- ઓર્ડર ઓફ સેન્ટ બેનેડિક્ટ પુસ્તક ઈસાઈ ધર્મ સાથે સંબંધિત છે. આ પુસ્તકમાં કુલ 266 પેજ છે અને તે 12મી સદીની રોમન સંસ્કૃતિ સાથે સંબંધિત છે. જર્મન સરકારે આ ધાર્મિક પુસ્તકને ઈ.સ. 1983માં 11.7 મિલિયન ડોલરમાં ખરીદ્યું હતું.

• **બર્ડ્સ ઓફ અમેરિકા:** અમેરિકાના પક્ષી પ્રકૃતિવાદી અને ચિત્રકાર જોન જેમ્સ દ્વારા લિખિત પુસ્તક 'બર્ડ્સ ઓફ અમેરિકા'માં સમગ્ર અમેરિકાનાં પક્ષીઓની વિસ્તૃત વિવિધતાઓ દર્શાવી છે. આ પુસ્તકની એક કોપીની હરાજી ઈ.સ. 2000માં 8,802,500 ડોલરમાં થઈ હતી તથા બીજીની હરાજી આશરે 10 વર્ષ પછી લંડનમાં એક હરાજીમાં 11.5 મિલિયન ડોલરમાં વેચાઈ હતી.

• **કેન્ટબરી ટેલ્સ:** ઈંગ્લેન્ડના મશહૂર અને પ્રસિદ્ધ કવિ જ્યોફ્રે ચાસર દ્વારા લિખિત અંતિમ પુસ્તક 'કેન્ટબરી ટેલ્સ' ખરેખર તેમની સર્વોત્તમ રચના છે. આ પુસ્તકના પહેલા સંસ્કરણની હરાજી ઈ.સ. 1998માં લંડનમાં કરાઈ હતી અને તે 7.5 મિલિયન ડોલરમાં વેચાઈ હતી.

• **ફર્સ્ટ પોલિયો:** વિલિયમ શેક્સપિયર અંગ્રેજી સાહિત્યના મહાન નાટકકાર, કવિ અને અભિનેતા હતા. તેમનાં નાટકોનો દુનિયાની લગભગ બધી જ ભાષાઓમાં અનુવાદ થયો હતો. તેમના 'ફર્સ્ટ પોલિયો' નાટકની હરાજી ન્યૂ યોર્કના ક્રિસ્ટીમાં થઈ હતી તથા તેને માઈક્રોસોફ્ટના સહસંસ્થાપક પોલ એલને 6 મિલિયન ડોલરમાં ખરીદ્યું હતું. ■

prashantvpatel2011@gmail.com

# પહેલા સો દિવસ

મેનેજમેન્ટની ABCD
બી.એન. દસ્તૂર

## ભૂલવાનું નથી કે તમારી બાજુમાં જ બેસતો, પ્રેમથી તમારે માટે લંચબોક્સમાં ઢોકળાં લાવતો, તમારો સહકર્મચારી, કારકિર્દીની સડક ઉપર તમારો પ્રતિસ્પર્ધી છે

નવી નોકરી મળી ગઈ. લગ્ન થઈ ગયાં. ચકાચક ક્લબની મેમ્બરશિપ મળી ગઈ. **નવી સંસ્થા, તાજી સાસરી, નવા દોસ્તો** જરૂર પડશે નવા વિચાર, નવી વાણી, નવાં વર્તનની, પણ એવું ભણાવવામાં આવેલું છે કે, 'ફર્સ્ટ ઈમ્પ્રેશન ઈઝ ધ લાસ્ટ ઈમ્પ્રેશન.' પ્રથમ ઈમ્પ્રેશન એવી ધમાકેદાર બનવી જોઈએ કે વટ પડી જાય.

• **કમનસીબે આવું બનતું નથી**
દૂર દરાજ આવેલા એક નાના ગામનાં ખેતરોમાં ક્યાંકથી તડબૂચનાં બી આવી પડ્યાં. ગામ લોકોએ કદી તડબૂચ જોયેલાં, સાંભળેલાં નહીં. તડબૂચ રાતે ન વધે એટલાં દિવસે વધે અને એ જોઈ લોકોને થયું, ખેતરમાં રાક્ષસો ઘૂસી ગયાં છે. ડરીને એ બધાએ ખેતરોમાં જવાનું બંધ કર્યું અને બોલાવ્યો એક ડાહ્યા ઈન્સાનને.

એ ડાહ્યાએ જોયું કે લોકો તડબૂચથી ડરે છે. એણે લીધો એક મોટો છરો. લોકોની બીક ભાંગવા એ ગયો ખેતરમાં. લોકો તો ડરીને આઘાપાછા થઈ ગયા. ખેતરમાં જઈ એણે મોટા તડબૂચને વાઢી નાખ્યું અને અંદર હાથ નાખી સરસ મજાનો લાલચોળ માવો ખાવા માંડ્યો.

લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા. લોકો વિચારવા લાગ્યા કે, આ તો છે રાક્ષસનો પણ બાપ. રાક્ષસને મારી એનું લોહી પીવે છે! કાલે ઊઠીને એ આપણું લોહી પીવા માંડશે. લીધા પથ્થરો અને પેલા ડાહ્યાને લોહીલુહાણ કરી ભગાડી દીધો.

બીજા ડાહ્યાને બોલાવ્યો. એણે પણ જોયું કે, લોકો નકામા ડરે છે તડબૂચથી, પણ એણે કહ્યું, 'મને આ રાક્ષસોનો અભ્યાસ કરવા એક બે દિવસ આપો.'

બે-ચાર દિવસ પછી ગામલોકોને કહ્યું, 'આ રાક્ષસો મોટા થાય છે, પણ ચાલી શકતા નથી. ખેતરમાં જઈ શકો છો. રાક્ષસથી દૂર રહેજો.'

બે-ચાર દિવસ પછી એ ગામની નિશાળમાંથી નાનાં છોકરાં લઈ ખેતરમાં આવ્યો. એક તડબૂચ ઉપર ઘોડો કરી બેસી ગયાં. બાળકોએ પણ તડબૂચ સાથે ઘોડો ઘોડો રમવા માંડ્યું. ઘરે જઈને માવતરોને કહ્યું, 'અમે તો રાક્ષસ ઉપર ઘોડો કરીએ છીએ.'

બીજા વર્ષે ગામલોકોએ તડબૂચની ખેતી શરૂ કરી.

નવી નોકરી લો ત્યારે, સાસરે સિધારો ત્યારે, ક્લબમાં એન્ટ્રી મારો ત્યારે, આ વાતો યાદ રાખજો.

• **સ્વીકૃતિ મેળવો**
જે બધાને કોઠે પડી ગયું હોય એ તમને નવી નજરે તરત જ દેખાશે, પરંતુ પહેલા દિવસથી ઝાડુ ફેરવવામાં અક્કલનું ઉઠમણું છે. ફર્સ્ટ ઈમ્પ્રેશન જ ખરાબ પડશે. ઉપરના ઉદાહરણમાં જે પેલા બીજા ડાહ્યા માણસની વાત છે તેની જેમ જ સુધારવા જેવું છે એની નોંધ કરતા રહો અને ધીરેથી, બે-ચાર મહિના વીતે પછી એકાદ નાનો અમસ્થો સુધારો સૂચવો. તમારી પ્રથમ પ્રાયોરિટી સ્વીકૃતિ મેળવવાની છે. સંસ્થાના, સાસરાના, ક્લબના કલ્ચર જોડે એકરૂપ થઈ જવા પહેલાં ઝાડુ ફેરવવામાં ખતરો રહેલો છે.

• **કમ્યુનિકેશનમાં વિશ્વસનીયતા**
પહેલા દિવસથી જ વિશ્વસનીયતા (Credibility)માં કોઈ બાંધછોડ કરવાની નથી. સંસ્થા, સાસરી, ક્લબનો ઓક્સિજન છે અસરકારક કમ્યુનિકેશન. કમ્યુનિકેશનનો ઓક્સિજન છે વિશ્વનીયતા. જેનો આપણે વિશ્વાસ કરતા નથી એની વાત સ્વીકારવામાં આપણને તકલીફ થાય છે. તમારી વાણી અને તમારાં વર્તન વચ્ચે તફાવત હશે તો તમારી સર્વોત્તમ વાત તમારું અફલાતૂન સૂચન પણ સ્વીકારશે નહીં.કમ્યુનિકેશન છે કાચનાં ગ્લાસ જેવું. એનામાં તડ પડશે અને તમે એને સાંધવાના લાખ પ્રયાસો કરશો તો પણ એ તડ દેખાતી રહેશે અને તમે જશો કચરાની ટોપલીમાં, તડ પડેલા ગ્લાસની જેમ.

• **શીખતા રહો**
મેનેજમેન્ટમાં, માર્કેટિંગમાં સૌથી વધારે ચર્ચાતો અને ઓછો સમજાતો વિષય છે 'કમ્પિટિટિવ એડવાન્ટેજ'. શું કરવાથી તમને તમારા હરીફો ઉપર સરસાઈ મળશે? અસંખ્ય જવાબો મળે છે - ઉત્તમ ક્વોલિટી, વાજબી કિંમત, અસરકારક કર્મચારીઓ, વફાદાર ગ્રાહકો, ઉત્તમ ચેનલ પાર્ટનરો, આકર્ષક જાહેરખબરો અને ઓફરો, અફલાતૂન સેલ્સ ફોર્સ, ક્રિએટિવ સ્ટ્રેટેજી, પણ આજના ભયંકર અનિશ્ચિતતાના માહોલમાં સાચો કમ્પિટિટિવ એડવાન્ટેજ છે. 'લર્નિંગ' તમારા પ્રતિસ્પર્ધીઓ કરતાં તમે વધારે ઝડપથી શીખશો તો જ આ એડવાન્ટેજ મળશે.

• **નવી સંસ્થામાં તરત જ ઝાડુ ફેરવવાને બદલે**
- જે સુધારવા જેવું છે એની નોંધ કરતા રહો.
- તમારી વિશ્વસનીયતા બરકરાર રાખો.
- તમારા હરીફો કરતાં ઝડપથી શીખતા રહો.

ભૂલવાનું નથી કે તમારી બાજુમાં જ બેસતો, તમારા સ્કૂટર ઉપર આવતો, તમારા માનીતાં ઢોકળાં પ્રેમથી તમારે માટે લંચબોક્સમાં લાવતો, તમારો સહકર્મચારી, કારકિર્દીની સડક ઉપર તમારો પ્રતિસ્પર્ધી છે. એનો પણ અભ્યાસ કરતા રહો અને એનાથી વધારે બહેતર બનવાના પ્રયત્નો કરો, શાંતિથી, ધીરજથી.

થોરામાં ઘનું સમજશો. ■ baheramgor@yahoo.com



## ફોટૂન -વિનુ વિચિત્ર




## ક્રોસવર્ડ -ભૂપેન્દ્ર શાહ



### આડી ચાવી
1. પાંચાલ દેશના દ્રુપદ રાજાની પુત્રી (3)
3. એક પક્ષી, બાજ (3)
5. રાજાની મુખ્ય રાણી (4)
6. ચતુર, હોશિયાર (3)
9. વૃક્ષ, ઝાડ (2)
10. શરીરે લગાવવાનો સુગંધીદાર ભૂકો (અં) (4)
12. સીમા, બોર્ડર (2)
13. એક ઝાડ જેનાં પાન વધારામાં નંખાય (3)
15. મરનારની મિલકતનો હકદાર (3)
16. કાચ કે ધાતુની ચાર ખૂણાવાળી ચકતી (3)

### ઊભી ચાવી
2. દીવો, દીપ, ચિરાગ (3)
3. ધીરધારનો ધંધો કરનાર, નાણાવટી (3)
4. પગમાં થતી કપાસી (2)
6. પશુ-પંખીનો ખોરાક (2)
7. પાણીના અધિષ્ઠાતા દેવ (3)
8. સ્ત્રીઓના હાથનું એક ઘરેણું (3)
10. ગામની ભાગોળ આગળનું મેદાન (3)
11. ખેલ, ક્રીડા (3)
12. પવન, વાયરો, સમીર (2)
14. ગળું, ગરદન, કોટ (2)

**આડી ચાવી:** 1. દ્રૌપદી 3. શકરો 5. પટરાણી 6. ચાલાક 9. તરુ 10. પાઉડર 12. હદ 13. લીમડો 15. વારસ 16. તકતી
**ઊભી ચાવી:** 1. દીપક 3. શરાફ 4. કણી 6. ચારો 7. વરુણ 8. કડલી 10. પાદર 11. રમત 12. હવા 14. ડોક

## ક્યૂટ કાર્ટૂન - જામી




## અનુસંધાન

### તડ ને ફડ

દવામાં યોગ્ય માત્રામાં છે તે અત્યારે દાક્તર ઠરાવે છે. દાક્તરે માત્ર જેનેરિક દવા જ લખવાની હોય તો આ કામ દવા વેચનાર વેપારી ઠરાવી આપશે અને વેપારી પોતાને મળતાં કમિશનના આધારે ચાલશે. બીજી રીતે કહીએ તો દવા બનાવનાર અને દાક્તરો વચ્ચે આજે જે સાંઠગાંઠ છે તે હવે પછી દવા બનાવનાર અને દવા વેચનાર વચ્ચે બંધાશે અને આવો સંબંધ કદાચ વધારે નુકસાનકારી બની જાય, કારણ કે દવાના વેપારીઓ દાક્તર જેટલા જાણકાર કે જવાબદાર હોતા નથી.

દાક્તર દવા કંપનીઓ વચ્ચેનો રુશ્વતી નાતો નૈતિકતાનો સવાલ છે. કાયદાથી નીતિ શીખવી શકાય નહીં. સરકાર જેનેરિક દવાઓ લખવાનું ફરજિયાત બનાવે તો પોતાના નામના કાગળમાં જેનેરિક દવા અને જોડેની કોરી કાપલીમાં બ્રાન્ડ દવાનું નામ લખનાર દાક્તરોને કેવી રીતે પકડી પાડી શકાય અથવા સજા કરી શકાય?

છેલ્લે જેમના નામે અને જેટલા માટે આ બધું કરવામાં આવશે તે આમ જનતાની મૂંઝવણ પણ નોંધવી જોઈએ. સસ્તી દવાઓ મળે તે માટે જેનેરિક નામો યાદ રાખવાં અથવા બોલવાં તે સામાન્ય નાગરિક માટે અઘરું થઈ પડે. લોકો રાનટેક નામ યાદ રાખી શકે, પણ તેનું જેનેરિક નામ 'રાનીટી ડાઈન હાઈડ્રોક્લોરાઈડ' કોને યાદ રહેશે?

આ સમસ્યા અંગ્રેજી ભાષા વાપરનાર અને શિક્ષિત સમાજો માટે પણ પીડાકારી છે. આપણા દેશમાં આવાં નામો યાદ રાખનાર સામાન્ય માણસને શોધવો તે લગભગ અશક્ય ગણાય. બધી જેનેરિક દવાઓનાં નામ આવાં અટપટાં નથી, પણ ઘણાં ખરાં નામ યાદ રાખવાં મુશ્કેલ છે.

નરેન્દ્ર મોદીનો અભિગમ ઉત્તમ છે. આમ જનતાને સસ્તી અને સારી દવા મળવી જોઈએ તેવા વડાપ્રધાનના પ્રયાસમાં કશું કહેવાપણું નથી, પણ વ્યવહારુ અમલની મુશ્કેલીઓનો પણ ખ્યાલ રાખ્યા વગર ચાલે નહીં. દવા બધા માણસોએ બધો વખત લેવી જ પડે તેવું નથી, પણ ઘણા ખરા લોકોએ ઘણો ખરો વખત એક યા બીજી દવાનો વપરાશ તો કરવો જ પડે છે. ■ nagingujarat@gmail.com

### નીલે ગગન કે તલે

મરવાની ઘડી આવી છે ને મારે કાશીનું મરણ જોઈએ છે. પિતાના આગ્રહથી પુત્ર રાજીવ (આદિલ હુસૈન) કામ ઉપરથી છુટ્ટી લઈને પિતાને કાશીની જર્જર ધર્મશાળા 'મુક્તિભવન'માં લઈ જાય છે. આટલી વાત. તે ધર્મશાળામાં કોઈ ચકચારભર્યાં પાત્રો આવતાં નથી, મૂક રજૂઆતથી પુત્રનો પિતા પ્રત્યેનો સ્નેહ, પિતાનું વયસહજ હઠીલાપણું, પ્રૌઢા વિધવાની યૌનેષણા, દાદા-પૌત્રીની બિરાદરી વગેરે મધુરતાથી સ્ફુટ થાય છે. તેમના નિવાસ દરમિયાન કોઈ સ્વર્ગે સિધાવે છે. તમે હિન્દુ હોવ કે મુસ્લિમ કે જૈન કે બૌદ્ધ; યુવાન કે પરિપક્વ વૃદ્ધ; પિતા કે પુત્ર, કે પતિ યા પત્ની. આ ફિલ્મ પણ બકેટ લિસ્ટમાં 'એડ' કરી દેજો.

ન્યૂયોર્કના ભારતીય ફિલ્મુત્સવની જૂરીએ 'એ ડેથ ઈન ધ ગન્જ'ને ફેસ્ટિવલની શ્રેષ્ઠ ફિલ્મ જાહેર કરી હતી. ગગનવાલાને 'ગન્જ' કરતાં ઉપરની બંને ફિલ્મો, તથા 'પૂર્ણા' પણ, ક્યાંય વધુ ગુણ મેળવે તેવી લાગી છે. દર વર્ષે થતો આ ફિલ્મુત્સવ અંગત રીતે ગગવાલાને ઈન્ડિયા કી સેલ્ફી બતાવે છે અને દર વર્ષે દિલ વિલ, પ્યાર વ્યાર, ઢિશુમ ઢિશુમ સિવાયની ફિલ્મો પણ, વિશ્વની ઉત્તમ ફિલ્મસ્કૂલોમાં ભણેલાં નવજુવાન દિગ્દર્શકો ઉતારવાની હિંમત કરે છે તેથી ગગનવાલા પોતાની આવરદા લંબાય તેવી અભિલાષા 'ગગનવાલાનાયે ગગનવાલા' પાસે વ્યક્ત કરે છે. પહેલાં તુચ્છકારતા હતા, પણ આ ફિલ્મો જોયા પછી ગગનવાલા નેટફ્લિક્સ અને એમેઝોન અને યૂટ્યૂબના ઈસકોતરા ફેંદીને નવી હિન્દી ફિલ્મો જોવા ઉદ્યુક્ત થયા છે. 'ઈનકાર', સુભાનઅલલાહ! 'મોહ માયા મની' ગ્રેટ્ટ! 'સ્પેશલ 26' નાઈસ! 'ધરમ સંકટ' ઓકે! વગૈરાહ વગૈરાહ વગૈરાહ. ક્યાંક દિલ ખુશ થયું છે ને ક્યાંક હતાશ, પરંતુ ભવિષ્ય કાબિલ નરનારીઓના હસ્તકમળમાં છે તેવી તાળી જોનારના હસ્તકમળમાં વાગે છે.

આ ઉત્સવનાં કર્તાહર્તા અરુણ શિવદાસાણી, અસીમ છાબડા, આણિ જિતીન હિંગોરાણીને સાધુવાદ સાથે એક ફરિયાદ કે તેમની વિસ્તૃત 'ફેસ્ટિવલ ગાઈડ'માં રાઈટરોનાં નામ છપાતાં નથી કેમ? તે ઉત્સવની મોટી ખામી છે. રાઈટર વિના ફિલ્મ કેમ બને? રાઈટરોનાં નામ વિના ફેસ્ટિવલ ગાઈડ કેમ બને? ■ madhu.thaker@gmail.com

### સમય સંકેત

પર ઊતરે છે અને છવાઈ જાય છે.

ત્વચારોગ છતાં મૉડલિંગ ક્ષેત્રે પોતાના આત્મવિશ્વાસના બળે એક પછી એક સફળતાનાં શિખરો સર કરનાર વિન્ની આજે એક પ્રેરણાદાયી હસ્તી બની ગઈ છે. બીબીસી દ્વારા જારી કરવામાં આવેલી વર્ષ 2016ની '100 વિમેન્સ'ની યાદીમાં પણ તેને ગૌરવપૂર્ણ સ્થાન હાંસલ થયું હતું. છેલ્લે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલની રેડ કાર્પેટ પર પણ વિન્ની છવાઈ ગઈ હતી. સૌંદર્ય અંગે આપણા દિમાગમાં છવાયેલી ભ્રમણાઓ વિન્નીના ઉદાહરણ પછી થોડીઘણી ભાંગે તો કેવું સારું! ■ divyeshvyas.bhaskar@gmail.com

### બ્લેક એન્ડ વ્હાઈટ

આવે છે. જ્યારે દીકરાઓને પૂરી આઝાદી સાથે ખુલ્લા છોડી દેવાય છે.

સ્ત્રીઓ પર ગેંગરેપ કરનારા અને તેમને રિબાવીને મારી નાખનારા હલકટોને ફાંસીએ ચડાવવા એ કામચલાઉ ઉપાય છે. સ્ત્રીઓ સાથે આવી ઘટના ન બને એ માટે સૌથી શ્રેષ્ઠ ઉપાય છે ભારતીય સમાજમાં બદલાવ આવે એ. એ માટે સ્ત્રીઓને પગની જૂતી સમાન સમજવાને બદલે તેને માનની નજરે જોવાનું શરૂ થાય એ જરૂરી છે. ■

### મનદુરસ્તી

સ્કૂલિંગ પત્યું અને પેલા તાઈ તો એ દરમ્યાન રામશરણ થઈ ચૂક્યાં હતાં, પણ ઘરથી દૂર જવાનો ભય મનમાં પેસી ગયો હતો. ધીરે ધીરે એ બધું ભુલાઈ ગયું. માત્ર બીક ચાલુ રહી.

કેટલાક ભયને દૂર કરવા સજ્જ થવું પડે છે. એ સ્વીકારવું પડે છે કે આ અતાર્કિક ભય ચોક્કસ દૂર થશે, પરંતુ મારે પણ પ્રયાસ કરવા પડશે. કોઈ પણ સાયકોલોજિકલ સારવારમાં જો વ્યક્તિ નિયમિત રહે અને તેની સાજા થવાની વૃત્તિ જેમ પ્રબળ હોય તેમ વધુ સારું પરિણામ મળે છે. સુજિતને સાયકોથેરપીની જરૂર હતી. મનના ઊંડા ખૂણામાં છવાયેલો હોડો ફોબિયા ધીમે ધીમે દૂર થયો. આ વેકેશનમાં તો ન જઈ શક્યા, પણ હવે ફ્રેશ વેકેશન પર જવા માટે તૈયાર છે. ■

**વિનિંગ સ્ટ્રોક :** ભય અને અસલામતી ઘણી બધી માનસિક વિકૃતિના પાયામાં રહેલા છૂપા વાઈરસ સમાન છે.

drprashantbhimani @yahoo.co.in

### ડૉક્ટરની ડાયરી

આમ પણ ટાઢિયો તાવ એકાંતરે દિવસે આવે છે એ કારણે પણ વાંધો ન આવ્યો. ત્રીજા દિવસે રોહિતભાઈને ફરીથી ટાઢ ચડી. આ વખતે જે ટાઢનો હુમલો આવ્યો એ એમની સહનશક્તિની બહાર હતો. તાવ પણ એકસો પાંચ ડિગ્રી સુધી પહોંચી ગયો. રોહિતભાઈ બેભાન જેવા થઈ ગયા. માલવ દોડી આવ્યો. માંડ માંડ અંકલને ડો. વ્યાસના ક્લિનિકમાં લઈ જઈ શકાયા. તરત જ એમને નર્સિંગ હોમમાં એડમિટ કરી દેવામાં આવ્યા. ત્રણ દિવસ સુધી ઈન્ટ્રાવિનસ ડ્રીપ અને અન્ય સારવાર આપવામાં આવી. ગોળીઓની સરહદ સમાપ્ત થઈ ચૂકી હતી. ઈન્જેક્શનો જ આપવાં પડ્યાં.

તગડું બિલ ચૂકવીને ચોથા દિવસે ઘરે આવ્યા. પથારીમાં પડ્યા-પડ્યા રોહિતભાઈને માલવને પૂછ્યું, 'મને એટલું તો જણાવ કે મારા બ્લડ ટેસ્ટનો રિપોર્ટ શું કહે છે?'

'મેલેરિયા.' માલવે કહ્યું. આ એક શબ્દ ઉચ્ચારીને એ ત્યાંથી નીકળી ગયો. અત્યારે માલવ એમ.બી.બી.એસ. થઈ ગયો છે. આગળ ભણવાનું વિચારી રહ્યો છે, પણ એના દિમાગમાં એક પ્રશ્ન ઘૂમરાયો છે, દર્દીઓની માનસિકતા બદલાશે ખરી?' (શીર્ષક પંક્તિઃ ભરત વિંઝુડા) ■

drsharadthaker@yahoo.com

### ચિંતનની પળે

કેટલી આગળ છે! આપણાં કરતાં વધુ સુખી છે એનાં છોકરાંવ ડોબાં છે. આપણી પાસે ઓછું છે, પણ બધાને બતાડી દીધું. આ વાત સાંભળીને દીકરીએ બહુ સલુકાઈથી કહ્યું કે, મમ્મી, મેં આ કંઈ કોઈને બતાડી દેવા માટે નથી કર્યું! મારે કોઈને બાળવા નથી. તું પણ એવું ન વિચાર. આપણી પાસે ઓછું છે તો શું થયું? એને અને મારી પરીક્ષાના રિઝલ્ટને શા માટે જોડે છે? તારે ખુશ થવું હોય તો મારા રિઝલ્ટથી ખુશ થા, પણ કોઈ બળશે એ વિચારીને ખુશ ન થા. એ વાજબી નથી.

સુખને ક્યારેય સ્પર્ધામાં ન ઉતારો, એવું કરશો તો દુઃખી થશો. રાજી રહેવાવાળા જ રાજી કરી શકતા હોય છે. પોતાને સુખી સમજતાં હોય એ જ બીજાને સુખી કરશે. સરખામણી કરતા રહેશો તો કંઈ સરખું નહીં લાગે. નક્કી કરજો કે તમારે સુખી દેખાવવું છે કે સુખી થવું છે? સુખી થવું હોય તો તમારા પાસે સુખનાં પૂરતાં કારણો છે જ. સુખનાં કારણો પકડી રાખજો નહીંતર દુઃખનાં કારણો તમને વળગેલાં જ રહેશે! ■

**છેલ્લો સીન:** તમારી વાણીને મૌન કરતાં સારી બનાવો અથવા ચૂપ રહો. • ડાયોનિસિયસ

kkantu@gmail.com